જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૭/૨૦૧૬ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૨૯૪/૧૬

### બંધ મકાનોમા ઘરફોડ ચોરી તેમજ ચેઇન સ્નેચીંગકરતા ઇસમની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ

ક્રાઇમબ્રાંન્ચ, અમદાવાદ શહેરના સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આર.બી.પટેલ સાહેબ નાઓના માર્ગદશન અને સુપરવિઝન હેઠળ એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સેલના પો.સબ.ઇન્સ.શ્રી કે.જી.ચૌધરી તેમજ પો.સ.ઇ.શ્રી કે.આઇ.જાડેજાનાઓની સુચનાથી એ.એસ.આઇ. ભગવાનભાઇ નથ્થુભાઇ નાઓએ હેડ.કોન્સ. જગદીશભાઇ અળવેશ્વરભાઇ નાઓને મળેલ બાતમી આધારે આરોપી લક્ષ્મણ @ અકો સન/ઓફ કેશાભાઇ મોંગીયા (મારવાડી) ઉ.વ.29 રહે,નહેરુનગરના છાપરા કુબેરનગર સરદારનગર અમદાવાદ. મુળગામ: ચંદીગઢવાસ કડી તા : કડી જી : મહેસાણાની ધરપકડ કરેલ છે. જેની પાસેથી સોનાનો દોરો દોઢ તોલા વજનનો કિં રુ 45000/ સાથે પકડી તેમજ ગુનામા વાપરેલ હોન્ડા સાઇન મો.સા.નં. જીજે.01.એફયુ.9517 કિં રુ 25,000/ ની કબજે કરવામા આવેલ છે. ઉપરોકત મો.સા. નો ઉપયોગ કરી સાબરમતી પો સ્ટેશન વિસ્તારમાંથી ચેઇન સ્નેચીંગ લુંટ કરેલ હોય જે બાબતે સાબરમતી પો સ્ટેશન ફ્સ્ટ.ગુ.ર.નં. 85/16 ઇ.પી.કો.કલમ 392,114 મુજબનો ગુન્હો દાખલ થયેલ છે. આ ઉપરાંત આરોપી વધુ પુછપરછમા નીચે મુજબના ગુન્હા ડીટેકટ થયેલ છે.

(1) સાબરમતી ફ.ગુ.ર. નં.72/13 ઇ.પી.કો.કલમ 454,380
(2) સાબરમતી ફ.ગુ.ર.નં. 110/13 ઇ.પી.કો.કલમ 454,380
(3) સાબરમતી ફ.ગુ.ર.નં. 185/13 ઇ.પી.કો.કલમ 454,457,380
(4) ચાંદખેડા ફ.ગુ.ર.નં.115/13 ઇ.પી.કો.કલમ 454,380

ગુનાહિત ઇતિહાસ

ઉપરમુજબનો આરોપી પોતે તથા તેના મળતીયા સાથે રહેણાંક વિસ્તારમા રેકી કરી દિવસ દરમ્યાન બંધ મકાનના દરવાજાના તાળાને ખાતરીયાથી તોડી ઘરફોડ ચોરીના ગુન્હા કરેલ છે જેમા ચાંદખેડા પો સ્ટેશનમા : 02, સરખેજ પો સ્ટેશનમા : 01, સાબરમતી પો સ્ટેશનમા : 01, હિમતનગર પો સ્ટેશન : 01, ઇડર પો સ્ટેશન : 01 મળી કુલ્લે 06 ઘરફોડ ચોરીના ગુનામા પકડાયેલ છે, તેમજ નરોડા પો સ્ટેશનમા હિરાની ચોરીના ગુનામા પકડાયેલ છે. અને એક વખત જામનગર જેલમા પાસા પણ કાપેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)